


# એપ્રિલ

## ૨૦૧૬

Most IMP
Current Affairs

www.crackgpsc.com

# એપ્રિલ ૨૦૧૬

## પરીક્ષાલક્ષી,

## મોસ્ટ IMP,

## ટુ ધ પોઈન્ટ

## કરન્ટ અફેર્સ

## એટલે

## crackgpsc.com

www.crackgpsc.com



## Most Imp Current Affairs – April 2016

- બાળ અંધત્વ સામેની ઝુંબેશને વિશ્વભરમાંથી સમર્થન મળે એ માટે મૂળ વાંકાનેરનાં (૧૯૮૦થી ઈંગ્લેન્ડમાં) ૭૨ વર્ષનાં મહિલા ડેન્ટિસ્ટ ડો. ભાનુબેન મહેતાએ ૨૧૦૦૦ ફૂટ ઊંચા કિલીમાંઝારો શિખરને સર કર્યું.
- ૧ માર્ચ ૨૦૧૬ના દિવસે પાટણ શહેરનો ૧૨૭૦મો સ્થાપના દિવસ ઉજવાયો. વિક્રમ સંવત ૮૦૨ની મહાવદ-૭ના દિવસે પાટણની સ્થાપના થઈ હતી.
- વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન કમાટી બાગમાં સ્થાપત્ય પાર્ક અને ડાયનાસોર પાર્ક બનાવશે.
- લોકસભાએ ચૂંટણી અધિનિયમ (સુધારો) બિલ, 2016 પસાર કર્યું. આ મુજબ સંસદીય અને વિધાનસભા ક્ષેત્રોની બેઠકોની ફાળવણી અને પરિસીમન નક્કી કરી શકાશે. આનો હેતુ પશ્ચિમ બંગાળમાં કુચ બિહાર જીલ્લામાં પરિસીમનનો અધિકાર પ્રદાન કરવાનો છે. આ અધિકાર બંધારણના 100મા સુધારાથી આપવામાં આવ્યો.

**100મો બંધારણીય સુધારો :**

- આ મુજબ 51 બાંગ્લાદેશી અને 111 ભારતીય ક્ષેત્રોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું. આ એ ક્ષેત્ર છે જે આ દેશનો ભાગ છે પરંતુ પૂર્ણ રીતે પાડોશી દેશ દ્વારા ઘેરાયેલ છે.

- રેસુલ પુકુટ્ટીને બેસ્ટ સાઉન્ડની શ્રેણીમાં 'ઇન્ડિયાઝ ડોટર' ડોક્યુમેન્ટરી માટે 63મા મોશન પિક્ચર સાઉન્ડ એડિટર્સના ગોલ્ડન રીલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. પુકુટ્ટી આ એવોર્ડ જીતનાર પ્રથમ એશિયન છે.
- 1 માર્ચ - શૂન્ય ભેદભાવ દિવસ.
  - આને દર વર્ષે 1 માર્ચ 2014થી ઉજવવામાં આવે છે.
  - આના પ્રતિક તરીકે પતંગિયાની પસંદગી કરવામાં આવી છે.
- મૃગાંક પરાંજપે મલ્ટી કોમોડીટી એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિ. (MCX)ના MD અને CEO નિયુક્ત. હાલમાં તેઓ ભારતમાં ડ્યુશ બેંકના પ્રમુખ છે.
- માઈક્રોમેક્સના CEO વિનીત તનેજાએ પોતાના પદેથી રાજીનામું આપ્યું.

www.crackgpsc.com

- દિલ્હી સાર્વજનિક સ્વાસ્થ્ય કાર્યક્રમમાં શાળાના બાળકો માટે માનવ પેપિલોમા વાયરસ (HPV) વેક્સિન લોન્ચ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું.

> - **HPV વેક્સિન** : લોકોને લગભગ 150 પ્રકારના HPVs (જેમાંથી કેટલાક ગર્ભાશય ગ્રીવાનું કેન્સર એટલે કે સર્વીકલ કેન્સરનું કારણ બની શકે છે)થી બચાવે છે.
> - **માનવ પેપિલોમા વાયરસ** : પેપિલોમા વાયરસ પરિવારનો DNA વાયરસ છે. જે મનુષ્યને સંક્રમિત કરવામાં સક્ષમ છે.

- ટ્વિટરે ભારતમાં મહિલાઓના સશક્તિકરણ માટે પોઝિશનઓફસ્ટ્રેન્થ (Positionofstrength) નામનું અભિયાન શરુ કર્યું.
- અરમાન ઇબ્રાહિમ મોટર સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર ટ્રોફીથી સન્માનિત.
- રાહુલ સચદેવે પ્રથમ ઓલ ઇન્ડિયા ઓપન ઇનવીટેશનલ સ્નુકર ચેમ્પિયનશિપ 2016 જીતી.
- પ્રસિદ્ધ કવિ ડૉ. ભગવતી લાલ વ્યાસ રાજસ્થાની કાવ્ય સંગ્રહ 'કથા સુન આવે હૈ શબ્દ' માટે વર્ષ 2015ના બિહારી પુરસ્કાર માટે પસંદગી પામ્યા.

> **બિહારી પુરસ્કાર :**
> - બિહારી પુરસ્કારની સ્થાપના કે. કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા વર્ષ 1991માં કવિ બિહારીના નામ પર કરવામાં આવી હતી.
> - આ પુરસ્કાર દર વર્ષે રાજસ્થાનના કોઈ લેખકની ઉત્કૃષ્ટ હિન્દી-રાજસ્થાની કૃતિને આપવામાં આવે છે.

- ફોર્બ્સ મેગેઝિનની સૌથી અમીર વ્યક્તિઓની યાદીમાં માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સ વિશ્વના સૌથી અમીર વ્યક્તિ. મુકેશ અંબાણી 36મા સ્થાને.
- વેદાંતા લિમિટેડે છત્તીસગઢ સરકાર દ્વારા કરાયેલ હરાજીમાં દેશની પ્રથમ સોનાની ખાણની લીઝ જીતી.
- સંજય લીલા ભણસાલી અને રણવીરસિંહ પંડિત દીનાનાથ મંગેશકર 2016 પુરસ્કાર માટે પસંદગી પામ્યા.
- બસંત બહાદુરસિંહ રાણાએ નેશનલ ચેમ્પિયનશિપમાં પુરુષ વર્ગની 50 કિમી દોડમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

www.crackgpsc.com

- ભારતીય રેલવેએ નિઝામુદ્દીન રેલ્વે સ્ટેશન, નવી દિલ્હીમાં અનરિઝર્વડ ટિકિટસ માટે બાર કોડીંગ સિસ્ટમનો આરંભ કર્યો. આનાથી અનધિકૃત ટિકિટનું ચલણ રોકાશે. આગામી ટૂંક સમયમાં આ પ્રોજેક્ટ અમદાવાદ રેલવે સ્ટેશન પર શરુ કરાશે.
- ભારતીય લેખક જેરી પિંટો તેમની નવલકથા 'એમ એન્ડ ધ બીગ હુમ' માટે 2016ના વિન્ડહેમ કેમ્પબેલ પુરસ્કારથી સન્માનિત. આ પિંટો દ્વારા લિખિત પ્રથમ નવલકથા છે. આ પુસ્તક માનસિક બીમારીઓના કોઈ સંબંધ પરના પ્રભાવને દર્શાવે છે.
- દક્ષિણ આફ્રિકાનો બોલર આરોન ફેંગિસો ખોટી એક્શનને કારણે ICC દ્વારા પ્રતિબંધિત.
- વિશ્વ આર્થિક મંચ (WEF)ના વૈશ્વિક ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદર્શન સૂચકાંક રિપોર્ટ 2016માં ભારત 90મા સ્થાને. સ્વિટ્ઝર્લેન્ડ પ્રથમ સ્થાને.
- બ્રિટીશ વૈજ્ઞાનિકો, ટીમ બ્લીસ, ગ્રાહમ કોલિંગ્રિસ અને રીચાર્ડ મોરીસે ગ્રીટ લુન્બેક યુરોપીયન બ્રેન રિસર્ચ પ્રાઈઝ જીત્યું.
- 3 માર્ચ : વિશ્વ વન્યજીવ દિવસ.
- ટેલીવિઝનના સૌથી લાંબા સોપ ઓપેરા 'કોરોનેશન સ્ટ્રીટ'ના નિર્માતા ટોની વોરેનનું નિધન.
- મુંબઈ અંડર-23 ટીમે મધ્યપ્રદેશ ટીમને હરાવીને સી. કે. નાયડુ ટ્રોફી જીતી.
- ન્યુયોર્ક, અમેરિકામાં વિશ્વના સૌથી મોંઘા રેલવે સ્ટેશનનો શુભારંભ કરવામાં આવ્યો. આ એ વર્લ્ડ ટ્રેડ સેન્ટરની જગ્યાએ બનાવાયેલ છે, જે 14 વર્ષ પહેલાં 9/11ના આતંકવાદી હુમલામાં નાશ પામ્યું હતું. આ ઈમારત વાસ્તુકાર સેંટિયાગો કાલાત્રાવા દ્વારા ડિઝાઇન કરવામાં આવી અને આને ઓક્યુલસ નામ આપવામાં આવ્યું છે.
- ભૂતપૂર્વ લોકસભા સ્પીકર પૂર્ણો અગિતોક સંગમાનું નિધન થઇ ગયું. સંગમાએ 2013માં નેશનલ પીપુલ્સ પાર્ટીની સ્થાપના કરી હતી. તેમણે 2012માં રાષ્ટ્રપતિ ચૂંટણીમાં પ્રણવ મુખરજી વિરુદ્ધ ચૂંટણી લડી હતી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેતુ ભારતમ પરિયોજનાની શરૂઆત કરી. પરિયોજનાનો હેતુ વર્ષ 2019 સુધી તમામ રાષ્ટ્રીય રાજમાર્ગોને રેલવે ક્રોસિંગથી મુક્ત કરવાનો છે.
- 4 માર્ચ : રાષ્ટ્રીય સુરક્ષા દિવસ.
- ફિલ્મ અભિનેતા અને ડાયરેક્ટર મનોજ કુમારને વર્ષ 2015ના દાદા સાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કરવાની ઘોષણા કરવામાં આવી. આ પુરસ્કાર મેળવનાર તેઓ 47મા અભિનેતા છે.

GPSC, BANK Clerk/PO
Maths & Reasoning by... એમ. કે. સર
87340 98198

**દાદા સાહેબ ફાળકે પુરસ્કાર :**

- આ પુરસ્કાર સુચના પ્રસારણ વિભાગ, ભારત સરકાર તરફથી ભારતીય સિનેમામાં યોગદાન માટે આપવામાં આવનાર એક વાર્ષિક પુરસ્કાર છે. આનો પ્રારંભ દાદા સાહેબ ફાળકેના જન્મ શતાબ્દી વર્ષ 1969થી થયો. પુરસ્કાર તરીકે એક સુવર્ણ કમળ, 10 લાખ રૂપિયાની રોકડ રાશી અને એક શાલ આપવામાં આવે છે.

- ફ્લિપકાર્ટે 'ફ્લિપકાર્ટ મની' નામની ઈ-વોલેટ સેવા શરુ કરી.
- કેન્દ્ર સરકારે જોજી લા સુરંગ માટે ફરીથી બોલી લગાવવાનો આદેશ આપ્યો. પહેલાં આ આરબીઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધિન હતી જેને હવે જમ્મુ અને કાશ્મીરને આધિન કરી દેવામાં આવી.
- ISSF વિશ્વ કપમાં જીતુ રાયે 50 મીટર પિસ્ટલ સ્પર્ધાનો સુવર્ણ ચંદ્રક જીત્યો.
- રાષ્ટ્રીય ફિલ્મ અભિલેખાગારના સંસ્થાપક અને ભૂતપૂર્વ ફિલ્મ નિર્દેશક પી. કે. નાયરનું નિધન થઇ ગયું. નાયર માટે કહેવાય છે કે જો તેઓ ન હોત તો ભારતીય સિનેમાનો 100 વર્ષનો ઈતિહાસ પણ ન હોત.
- પ્રથમ વખત T-20 ફોરમેટમાં રમાયેલ એશિયા કપ ભારતે (બાંગ્લાદેશને હરાવીને) જીત્યો. સૌથી વધુ (છ) વખત આ કપ જીતવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો. ધોનીની કેપ્ટનશિપમાં ભારતે બીજી વખત આ ખિતાબ જીત્યો.

**એશિયા કપ :**

- આ એક દિવસીય આંતરરાષ્ટ્રીય અને T-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટ છે.
- આની શરૂઆત એશિયાઈ દેશોના સંબંધો મજબુત બનાવવા માટે એશિયન ક્રિકેટ કાઉન્સિલ દ્વારા કરવામાં આવી.
- પ્રથમ એશિયા કપ 1984માં શારજાહ (UAE)માં રમવામાં આવ્યો હતો જેમાં ભારત વિજેતા રહ્યું હતું.

- મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ગ્રુપના MD અને અધ્યક્ષ આનંદ જી મહિન્દ્રા ફ્રાન્સના 'નાઈટ ઓફ ધ લીજન ઓફ ઓનર'થી સન્માનિત.
- ઓસ્ટ્રેલિયન ગોલ્ફર એડમ સ્કોટે વર્ષ 2016ની WGC કેડીલેક ચેમ્પિયનશિપ જીતી.
- પટના પાયરેટ્સે સ્ટાર સ્પોર્ટ્સ પ્રો કબડ્ડી લીગનો ખિતાબ જીત્યો.



www.crackgpsc.com

**પ્રો કબડ્ડી લીગ :**

- આને કબડ્ડીને પુનર્જીવિત કરવાના હેતુથી ભારતના નેશનલ સ્પોર્ટ્સ ક્લબ, મુંબઈમાં શરૂ કરવામાં આવી હતી.
- આ ટુર્નામેન્ટમાં આઠ ટીમ ભાગ લે છે.
- પ્રો કબડ્ડી લીગની પ્રથમ એડીશન જયપુર પિંક પેન્થરે જીતી હતી.

- આઈસીઆઈસીઆઈ બેંકે પોતાની મહિલા કર્મચારીઓ માટે ઘરેથી કામ કરવાની સુવિધા આપવા માટે આઈ વર્ક @ હોમ કાર્યક્રમની ઘોષણા કરી.
- ભારતની પુરુષ અને મહિલા ટીમોએ વિશ્વ ટીમ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી મેનકા ગાંધીએ ગ્રામ્ય મહિલા કારોબારીઓને પ્રોત્સાહન આપવા માટે ઓન લાઈન પ્લેટફોર્મ 'મહિલા ઈ-હાટ'નું લોકાર્પણ કર્યું.
- 8 માર્ચ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ. આ દિવસની થીમ, 'વર્ષ 2030 સુધી ગ્રહ 50-50 : લૈંગિક સમાનતા માટે કદમ' (Planet 50-50 by 2030: Step It Up for Gender Equality) નિર્ધારિત કરી. આ અવસર પર રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ 22 સંસ્થાઓ/વ્યક્તિઓને 'નારી શક્તિ પુરસ્કાર-2015' પ્રદાન કર્યા. નીતિ આયોગે આ દિવસે સંયુક્ત રાષ્ટ્ર અને MyGov ની સાથે મળીને વુમન ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા અભિયાનની શરૂઆત કરી.
- કર્મચારી ભવિષ્ય નિધિ પર ટેક્સ લગાવવાનો પ્રસ્તાવ પરત ખેંચવામાં આવ્યો.
- આસામ રાયફલ્સના 181મા સ્થાપના દિન સમારોહમાં સાઇકલ ટુ રિસાઇકલ સંદેશ સાથે ભારતીય સેનાના સાઇકલ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું.
- મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી કન્યા વિવાહ યોજનામાં વિધવા વિવાહ પણ સામેલ.
- આરબીઆઈએ કેપિટલ લોકલ એરિયા બેંક લિમિટેડ (સીએલએબીએલ)ને સ્મોલ ફાયનાન્સ બેંકનું લાયસન્સ આપ્યું. આથી આ દેશની પ્રથમ સ્મોલ ફાયનાન્સ બેંક બની. સ્મોલ ફાયનાન્સ બેંકના પરિચાલન માટે ન્યુનતમ 100 કરોડ રૂપિયાનું નેટવર્થ હોવું જરૂરી છે. સીએલએબીએલ દેશની સૌથી મોટી ક્ષેત્રીય બેંક છે.
- UNFPA અને UNICEFએ બાળ લગ્ન રોકવા માટે નવી પહેલ 'UNFPA- UNICEF ગ્લોબલ પ્રોગ્રામ ટુ એક્સેલરેટ એક્શન ટુ એન્ડ ચાઈલ્ડ મેરેજ'ની ઘોષણા કરી.
- રિબોકે બોલીવુડ એક્ટ્રેસ કંગના રાણાવતને બ્રાન્ડ એમ્બેસેડર બનાવી.

www.crackgpsc.com

- ભારતે બાંગ્લાદેશને 2 અબજ ડોલરની ઋણ સહાય આપવા માટે સમજુતી કરી. ભારત દ્વારા કોઈ દેશને આપવામાં આવેલ આ સૌથી મોટી ઋણ સહાય છે.
- જાણીતા ભારતીય સ્કોલર એચ દીપ સૈની યુનિવર્સીટી ઓફ કેનબરાના કુલપતિ નિયુક્ત.
- પંજાબ નેશનલ બેંક (દિલ્લી)એ અખિલ ભારતીય કે ડી સિંહ બાબુ પ્રતિયોગિતા જીતી.
- 106 જળ માર્ગોને રાષ્ટ્રીય જળ માર્ગ ઘોષિત કરવાની જોગવાઈ વાળુ રાષ્ટ્રીય જળ માર્ગ બિલ, 2015 રાજ્યસભામાં પસાર. વર્તમાન 5માં 106 જળ માર્ગોના સામેલ થયા બાદ કુલ રાષ્ટ્રીય જળ માર્ગોની સંખ્યા 111 થઇ જશે.
- જાહેરાત ક્ષમતા વધારવા માટે ભારતીય રેલવે દ્વારા અર્નેસ્ટ એન્ડ યંગ સલાહકાર નિયુક્ત.
- મંત્રીમંડળીય સમિતિએ 8000 કરોડ રૂપિયાની પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાને મંજુરી આપી. આમાં ગરીબ પરિવારના મહિલા સભ્યોને મફત રસોઈ ગેસ આપવાની જોગવાઈ છે.
- શેષ ભારતે મુંબઈને હરાવીને ઈરાની કપ ક્રિકેટ ખિતાબ જીત્યો.
- IRNSS-1F: ઈસરોના છઠ્ઠા નેવિગેશન સેટેલાઈટ આઈઆરએનએસએસ-1એફ (IRNSS-1F)નું PSLV C-32 દ્વારા શ્રીહરિકોટાથી સફળ પ્રક્ષેપણ કરવામાં આવ્યું. આનો મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકન ગ્લોબલ પોઝીશિનીંગ સિસ્ટમ જેવી સચોટ નેવિગેશન સુવિધા આપવાનો છે.
- સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ બલવીર સિંહ ચૌહાણ 21મા લો કમિશનના અધ્યક્ષ નિયુક્ત.
- મિસરના ભૂતપૂર્વ વિદેશ મંત્રી અહમદ અબુલ ઘેટ અરબ લીગના નવા મહા સચિવ નિયુક્ત.
- મંત્રીમંડળે ભારત અને બહેરીન વચ્ચે અવૈધ માનવ તસ્કરી રોકવા માટે સહમતિ પત્ર પર હસ્તાક્ષરને મંજુરી આપી.
- હુન્ડાઈ 2016થી 2019 સુધી ભારતમાં રમાનાર ટેસ્ટ, વન ડે અને ટ્વેન્ટી-20 મેચો માટે BCCIનું અધિકૃત પાર્ટનર બન્યું.
- ભારત - બાંગ્લાદેશ દ્વારા તૈયાર થઇ રહેલ રામપાલ ઊર્જા પ્લાન્ટના વિરોધમાં સુંદરવનની પાસે 250 કિમી લાંબી રેલી કાઢવામાં આવી.



www.crackgpsc.com

- સુપ્રીમ કોર્ટે કોલ ડ્રોપ 2%થી વધુ ન થવા દેવાનો ટેલીકોમ ઓપરેટર્સને નિર્દેશ આપ્યો.
- ભારતીય મુક્કેબાજ વિજેન્દર સિંહે હંગેરીના એલેકઝાન્ડર હોરવાથને હરાવીને પ્રોફેશનલ બોક્સિંગ સ્પર્ધામાં સતત ચોથી વખત જીત નોંધાવી.
- 10 માર્ચ : વર્લ્ડ કિડની ડે. આ દર વર્ષે માર્ચના બીજા ગુરૂવારે ઉજવાય છે. આ વર્ષની થીમ - કિડની રોગ અને બાળકો. આની શરૂઆત વર્ષ 2006માં થઇ હતી.
- સર્વિસીસે સંતોષ ટ્રોફી ફૂટબોલ ચેમ્પિયનશીપનો ખિતાબ જીત્યો.

**સંતોષ ટ્રોફી :**

- રાજ્ય અને સરકારી સંસ્થાઓ વચ્ચે રમવામાં આવે છે.
- પ્રથમ સંતોષ ટ્રોફી બંગાળે જીતી હતી. બંગાળ અત્યાર સુધી સૌથી વધુ 31 સ્પર્ધાઓ જીતી ચુક્યું છે.
- ટ્રોફીનું નામ સંતોષ (હવે બંગાળમાં)ના મહારાજા સર મનમથ નાથ રોય ચૌધરીના નામે રાખવામાં આવ્યું.

- આરબ લીગે લેબનાનના હિઝ્બુલ્લાને આતંકવાદી ગ્રુપ ઘોષિત કર્યું.
- ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઇન્ડિયા (FSSAI) દ્વારા ક્લીન સ્ટ્રીટ ફૂડ અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો. આનો હેતુ દિલ્હીની સડકો પર વેચાતા સ્ટ્રીટ ફૂડના સુરક્ષા માપદંડોમાં સુધારો લાવવાનો છે.
- વડાપ્રધાને યુવાઓ માટે પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના શરૂ કરી. આ બિન સંગઠિત ક્ષેત્રના લોકોને તાલીમ આપવાનો સૌથી મોટો કાર્યક્રમ હશે.
- ફિલિસ્તીનના શિક્ષક હનાન અલ હરૂબે શિક્ષણનો ઓસ્કાર ગણાતો ગ્લોબલ ટીચર એવોર્ડ જીત્યો.
- ભારતે પરમાણુ સંપન્ન મારક ક્ષમતાવાળી સ્વદેશી બેલેસ્ટિક મિસાઈલ અગ્નિ-1નું સફળ પરીક્ષણ કર્યું. આ મિસાઈલ સપાટીથી સપાટીએ 700 કિમીના અંતર સુધી માર કરી શકે છે.
- દિલ્હીએ કોર્પોરેટ ગોલ્ફ ટુર્નામેન્ટ 'લોયડ બિઝનેસ ટુડે પ્રો એમ ચેમ્પિયન્સ 2016'નો ખિતાબ જીત્યો.
- ઇન્ડિયા ઇન્ક વિશ્વમાં ઔપચારિક રીતે સંયુક્ત રાષ્ટ્રોના સતત વિકાસ લક્ષ્યોને અપનાવનાર પ્રથમ સંસ્થા બની.
- પોપ ફ્રાન્સિસે મધર ટેરેસાને રોમન કેથલિક સંતનો દરજ્જો અપાયાની સ્વીકૃતિ આપી.

www.crackgpsc.com

**મધર ટેરેસા :**

- મધર ટેરેસાનો જન્મ અગ્નેસે ગોંકશે બોજશિયુના નામના એક અલ્બેનીયાઈ પરિવારમાં ઉસ્કુબ, ઓટોમન સામ્રાજ્ય (આજનું સોપ્જે, મેસેડોનિયા ગણ રાજ્ય)માં થયો હતો.
- તેમણે 1950માં કોલકાતામાં મિશનરીઝ ઓફ ચેરીટીની સ્થાપના કરી.
- તેમને 1979માં નોબલ શાંતિ પુરસ્કાર અને 1980માં ભારત રત્ન આપવામાં આવ્યો હતો.
- તેમને ગટરોના સંતના નામથી પણ ઓળખવામાં આવતાં.

- સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમે (UNDP) ડ્રગ ટેસ્ટમાં અસફળ થયા બાદ રશિયન ટેનિસ ખેલાડી મારિયા શારાપોવાને સદભાવના દૂત પદેથી નિલંબિત કરી.
- રિઅલ એસ્ટેટ વિધેયક 2015, રાજ્ય સભા અને લોકસભામાં પસાર થયું. હવે મિલકત વ્યવહારોમાં કાળા ધન પર રોક લાગશે. પ્રોપર્ટી ખરીદવા અને વેચવાની 70% રકમ ચેકથી બેંકમાં જમા કરવી અનિવાર્ય થશે. રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (RERA)ની સ્થાપના કરવામાં આવશે. આનો હેતુ ઘર ખરીદનારાઓના હિતનું રક્ષણ કરવાનો પણ છે.
- 15 માર્ચ : વિશ્વ ઉપભોગતા અધિકાર દિવસ.
- ઉત્કૃષ્ટ અને વિશ્લેષણાત્મક પત્રકારત્વ માટે પ્રિયંકા કાકોડકર અને રક્ષા કુમાર વર્ષ 2015-16ના ચમેલી દેવી જૈન પુરસ્કાર માટે સંયુક્ત વિજેતા.

**ચમેલી દેવી જૈન પુરસ્કાર :**

- મીડિયા ફાઉન્ડેશન તરફથી આપવામાં આવે છે. દર વર્ષે કોઈ મહિલા પત્રકારને ઉત્કૃષ્ટ પત્રકારત્વ માટે આ પુરસ્કાર આ પુરસ્કાર અપાય છે.

- વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ મડુરોએ આર્થિક કટોકટી બે મહિના વધુ લંબાવવાનો નિર્ણય કર્યો જેથી અર્થવ્યવસ્થાને સંકટથી બચાવી શકાય.
- મ્યાનમારની સંસદે 53 વર્ષના સૈન્ય શાસન પછી પ્રથમ અસૈન્ય રાષ્ટ્રપતિ તરીકે હીન ક્યાવને ચૂંટ્યા. મ્યાનમારમાં વર્ષ 1962થી આર્મી શાસન લાગુ હતું.
- આઈસીઆઈસીઆઈએ કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ માટે ઈટાલીયન લક્ઝરી સ્પોર્ટ્સ કાર નિર્માતા કંપની ફેરારી સાથે સમજુતી કરી. ફેરારી સિરીઝનું દેશમાં આ પ્રથમ ક્રેડિટ કાર્ડ છે.
- કાશી હિંદુ વિશ્વ વિદ્યાલય (BHU)ના વૈજ્ઞાનિકોએ આયુર્વેદિક પદ્ધતિથી બ્લડ કેન્સરની દવા વિકસિત કરવાની ઘોષણા કરી.

www.crackgpsc.com

- બ્રિટીશ ગણિતશાસ્ત્રી <u>સર એન્ડ્રયુ વિલ્સે</u> વર્ષ 2016નો એબલ એવોર્ડ જીત્યો. તેમને આ પુરસ્કાર સદીઓ જુના પ્રમેય, ફેરમેટ્સ લાસ્ટ પ્રમેય (સૌથી અઘરા પ્રમેય તરીકે ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્ઝમાં નોંધાયેલ)ને ઉકેલવા બદલ આપવામાં આવ્યો.

**એબલ પ્રાઈઝ :**

- નોર્વે દ્વારા આપવામાં આવનાર વાર્ષિક પુરસ્કાર છે.
- ગણિતમાં અતુલ્ય કાર્ય પ્રદર્શન માટે આપવામાં આવે છે.
- આનું નામ નોર્વેના ગણિતશાસ્ત્રી નેલ્સ હેનરિક એબલના નામ પર રાખવામાં આવેલ છે.
- આને <u>ગણિતનો નોબલ પુરસ્કાર</u> પણ કહેવામાં આવે છે.

- <u>ભારત</u> લંડનમાં અમેરિકા પછીનું બીજું સૌથી મોટું રોકાણકાર બન્યું.
- ભારતીય મૂળનાં મહિલા <u>નંદિતા બક્ષી</u> બેંક ઓફ વેસ્ટનાં CEO નિયુક્ત.
- મશહૂર શરણાઈ વાદક <u>અલી અહમદ હુસેન ખાનનું</u> નિધન થઇ ગયું.
- રાજ્યસભાએ શીખ ગુરૂદ્વારા (સુધારો) વિધેયક, 2016 પસાર કર્યું. આમાં શીખોની ધાર્મિક સંસ્થાનોની ચૂંટણીમાં સહજધારી શીખોને મતાધિકારથી દૂર રાખવાનો પ્રસ્તાવ છે. સહજધારી શીખોને વર્ષ 1944માં આ અધિકાર આપવામાં આવ્યો હતો. વાળ કપાવી નાખનાર શીખોને સહજધારી શીખ કહેવાય છે.
- સંયુક્ત રાષ્ટ્રોના 'ધ વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2016' અનુસાર ખુશીની દ્રષ્ટીએ ભારત વૈશ્વિક સ્તરે <u>118મા</u> સ્થાને છે. સુચિમાં <u>ડેન્માર્ક</u> પ્રથમ સ્થાને.

www.crackgpsc.com



- માય બાયોસ્ફીઅર, માય ફ્યુચર કેમ્પેન : આની શરૂઆત યુનેસ્કોએ આસ-પાસના જીવમંડળ પ્રત્યે જાગૃતિ લાવવા માટે કરી. આના દ્વારા બાયોસ્ફીઅરની તકલીફો દુર કરવા અને ક્ષેત્રીય લોકોની આવક અને જીવનની ગુણવત્તા સુધારવામાં પણ મદદ મળશે.
- ભારતના સૌથી મોટી મોબાઈલ ફોન ઓપરેટર ભારતી એરટેલ લિ.એ વિડીઓકોન ટેલિકોમ્યુનિકેશન લિ.ના સ્પેક્ટ્રમનું 4,428 કરોડ રૂપિયામાં અધિગ્રહણ કર્યું.
- વિજય માલ્યાએ રોયલ ચેલેન્જર્સ પ્રાઈવેટ લિ. (આરસીએસપીએલ)ના ડિરેક્ટર પદેથી રાજીનામું આપ્યું.
- ICICI બેંકે કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ માટે ઈટાલીયન લકઝરી સ્પોર્ટ્સ કાર નિર્માતા કંપની ફેરારી સાથે સમજુતી કરી.
- ફેશન ડિઝાઈનર રિતુ બેરી ખાદી ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે ખાદી અને ગ્રામોદ્યોગ આયોગનાં સલાહકાર નિયુક્ત.
- એર એશિયા ઇન્ડિયાએ અમર એબ્રોલને મુખ્ય કાર્યકારી અધિકારી નિયુક્ત કર્યા.
- સમાવેશી વિકાસ અને ભારતમાં ગરીબી નિવારણની દિશામાં યોગદાનના કારણે કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી એમ. વૈંકયા નાયડુ સ્કોચ લાઈફટાઈમ અચિવમેન્ટ પુરસ્કારથી સન્માનિત.
- રતન ટાટા ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક સન્માન 'કમાન્ડર ઓફ લીજન ઓફ ધ ઓનર'થી સન્માનિત. આ ફ્રાન્સનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે જેની શરૂઆત વર્ષ 1802માં નેપોલિયન બોનાપાર્ટે કરી હતી.
- ફ્રાન્સની જીવન શૈલી અને ભારતીય સંસ્કૃતિના આદાન પ્રદાનમાં મહત્વપૂર્ણ યોગદાન માટે ભારતના ટિક્કા શત્રુજીત સિંહને ફ્રાન્સના પ્રતિષ્ઠિત 'નાઈટ ઓફ લીજન ઓફ ઓનર' સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા.
- ભારતીય વાયુ સેનાએ પોખરણમાં યુદ્ધાભ્યાસ 'આયરન ફિસ્ટ 2016'નું આયોજન કર્યું.
- યોગેશ્વર દત્તે એશિયન ક્વાલીફાઈંગ ઓલિમ્પિક ટુર્નામેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- ખેડૂતો માટે 'કિસાન સુવિધા' મોબાઈલ એપ્લીકેશનનો શુભારંભ. આ તાપમાન, બજાર મુલ્યો, ખાતર, પેસ્ટીસાઇડ્સ અને ખેત ઉપકરણો જેવા વિષયોની માહિતી મેળવી આપશે.
- 19 માર્ચ : પૃથ્વી દિવસ.
- ભારતના એચ. એસ. પ્રણયે સ્વિસ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં પુરુષ એકલ ખિતાબ જીત્યો.
- 20 માર્ચ : વિશ્વ ચકલી દિવસ. ચકલી વિશ્વમાં સૌથી વધુ જોવા મળતું પક્ષી છે.

- નોવાક જોકોવિચ અને વિક્ટોરિયા અજારેંકાએ 'ઇન્ડિયન વેલ્સ ઓપન'નો ક્રમશઃ પુરુષ અને મહિલા વર્ગનો ખિતાબ જીત્યો.
- એશિયન 20 કિમી રેસ વોકમાં સુવર્ણ ચંદ્રક જીતનાર ગુરમીતસિંહ પ્રથમ ભારતીય એથ્લીટ બન્યા.
- શિવ શંકર પ્રસાદ ચૌરસિયાએ હીરો ઇન્ડિયન ઓપન ટાઈટલ ગોલ્ફ ખિતાબ જીત્યો.
- ઓફલાઈન પેમેન્ટ પ્લેટફોર્મ પેલો ડોટ ઈને રેસ્ટોરન્ટના પેમેન્ટ સંબંધી એપ રૂપલીનું અધિગ્રહણ કર્યું.
- લોરી રોબિન્સન અમેરિકાનાં પ્રથમ મહિલા કમાન્ડન્ટ બન્યાં.
- ઈ-કોમર્સ માટે વેપાર મોડલની તપાસ માટે કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ (CBDT) દ્વારા રચિત અખિલેશ રંજન સમિતિએ પોતાનો અહેવાલ રજુ કર્યો.
- 21 માર્ચ : વિશ્વ વન દિવસ.
- આયનમંડળીય ઉલ્કા તથા અંતરિક્ષ સશોધન ઈસરોએ આંધ્રપ્રદેશના તિરુપતિમાં એક નવી વ્યાપક રડાર પ્રણાલી ગાંદકી આયનમંડળીય રડાર ઈંટરફેરોમીટર (ગિરી)ની સ્થાપના કરી.
- નેચર જીયોસાયન્સ પત્રિકા અનુસાર વર્ષ 2014માં પાછલા 66 લાખ વર્ષોમાં સર્વાધિક માનવીય કાર્બનનું ઉત્સર્જન થયું છે.
- ફોર્મ્યુલા વન ટીમ મર્સિડીઝના ડ્રાઈવર નીકો રોઝબર્ગે ઓસ્ટ્રેલિયા ગ્રાં. પ્રી. 2016નો ખિતાબ જીત્યો.
- આઠમું બ્રિકસ (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા) સંમેલન 15 ઓક્ટોબરથી 16 ઓક્ટોબર સુધી ગોવામાં યોજાશે. વર્ષ 2015માં સાતમું બ્રિકસ સંમેલન રશિયાના ઉફા નામના શહેરમાં યોજાયું હતું.
- 22 માર્ચ : વિશ્વ જળ દિવસ. વર્ષ 2016ના વિશ્વ જળ દિવસનો વિષય 'જળ અને નોકરી' (Water and jobs) છે. પ્રથમ વિશ્વ જળ દિવસ 22 માર્ચ 1993ના રોજ ઉજવાયો હતો.
- બેલ્જીયમની રાજધાની બ્રુસેલ્સમાં આતંકવાદી હુમલામાં 34 લોકોના મોત.
- 23 માર્ચ : વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ.
- પાકિસ્તાનના ક્રિકેટર શાહિદ આફ્રીદી T-20 વર્લ્ડ કપમાં સૌથી અધિક વિકેટ લેનાર બોલર બન્યા. આફ્રીદીએ 39 વિકેટ્સ સહિત શ્રીલંકાના લસિથ મલિંગાનો 38 વિકેટ્સનો વિશ્વ રેકોર્ડ તોડ્યો.
- એડલવાઈસ એસેટ મેનેજમેન્ટ કંપનીએ જેપી માર્ગનના મ્યુચ્યુઅલ ફંડ વેપારને ખરીદવાની ઘોષણા કરી.


www.crackgpsc.com

- પૂર્વ બોસ્નિયન સર્બ નેતા રાદોવાન કેરાજીચને બોસ્નિયા નરસંહાર અને યુદ્ધ અપરાધ માટે 40 વર્ષ જેલની સજા.
- ઓસ્ટ્રેલિયન ક્રિકેટર શેન વોટ્સને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસની ઘોષણા કરી.
- વિશ્વ ક્ષય રોગ દિવસ 24 માર્ચ 2016ના દિવસે ઉજવવામાં આવ્યો. વર્લ્ડ ટીબી ડે વર્ષ 1882માં ટીબી બેસિલસની શોધ કરનાર ડૉ. રોબર્ટ કોચના જન્મ દિવસે 24 માર્ચે દર વર્ષે ઉજવવામાં આવે છે. ક્ષય રોગ (ટીબી) માઇકોબેક્ટેરિયમ ટ્યૂબર ક્લોસિસના કારણે થતો એક ચેપી રોગ છે. ભારતમાં દર બે મિનિટે એક વ્યક્તિ આ બીમારીથી મૃત્યુ પામે છે. વિશ્વમાં દર વર્ષે ક્ષય રોગથી દસ લાખથી વધુ લોકોનાં મૃત્યુ થાય છે.
- બિઝનેસ મેગેઝિન 'ફોર્ચ્યુન'ની 50 મહાન નેતાઓની યાદીમાં એમેઝોનના જેફ બેજોસ ટોચ પર. અરવિંદ કેજરીવાલને પણ સ્થાન આપવામાં આવ્યું.
- નાસાએ શનિ ગ્રહના સૌથી મોટા ચંદ્ર ટાઈટનની સૌથી ઉંચી ચોટીની શોધ કરી. આની ઊંચાઈ 3,337 મીટર છે.
- ચીને ચહેરો ઓળખનારી કાર વિકસાવી જેની છત પર કેમેરા લાગેલ છે. 120 કિમી/કલાકની ઝડપે ચાલીને પણ પોલિસ કારની છત પર લાગેલ કેમેરા 60 મીટરના અંતરે લોકોના ચહેરાઓના ચિત્રો કેદ કરી શકે છે.
- મુખ્યમંત્રી હરીશ રાવત વિરુદ્ધ બળવાખોર વિધાયકોના સ્ટીંગ પછી ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ.
- ભારતીય મૂળના સૂર્ય દેવા યુ.એન.એચ.આર.સી.માં માનવાધિકાર સલાહકાર નિયુક્ત.
- 27 માર્ચ : આંતરરાષ્ટ્રીય રંગમંચ દિવસ (International Theatre Day)
- રશિયાના ગ્રાન્ડમાસ્ટર સેર્ગેય કાર્જાકીને ફિડે વિશ્વ કેંડીડેટ શતરંજ ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો.
- જહીર ખાન ઇન્ડિયન પ્રિમીયર લીગના 2016 સત્ર માટે દિલ્હી ડેરડેવિલ્સના કેપ્ટન.
- ગુજરાત ભારતનું પ્રથમ જૈવ કૃષિ વિશ્વ વિદ્યાલય સ્થાપિત કરશે. ગુજરાત સરકારે વાર્ષિક બજેટ 2016-17માં વિશ્વ વિદ્યાલયની સ્થાપના માટે 10 કરોડ રૂપિયાની ફાળવણી કરેલ છે.
- ICC T-20 રેન્કિંગ : બેટ્સમેન્સમાં વિરાટ કોહલી, બોલર્સમાં વેસ્ટ ઇન્ડિઝના સેમ્યુઅલ બદ્રી ટોચ પર.
- ટેલીકોમ કમિશને 112ને દેશના સિંગલ ઈમરજન્સી નંબર તરીકે મંજુરી આપી. આ અમેરિકામાં 911 અને ઇંગ્લેન્ડમાં 999ની જેમ બનાવાયેલ છે. કોઈ પણ નાગરિક 112 ડાયલ કરીને કટોકટી સુવિધાઓ જેમ કે - પોલીસ, એમ્બ્યુલન્સ વગેરેનો લાભ ઉઠાવી શકશે.

www.crackgpsc.com

- **63મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર વિજેતા :**

  - ✓ **શ્રેષ્ઠ અભિનેતા** : અમિતાભ બચ્ચન (પીકૂ)
  - ✓ **શ્રેષ્ઠ અભિનેત્રી** : કંગના રાણાવત (તનુ વેડ્સ મનુ)
  - ✓ **શ્રેષ્ઠ ફિલ્મ** : એસ. એસ. રાજમૌલીની 'બાહુબલી'
  - ✓ **શ્રેષ્ઠ ડાયરેક્ટર** : સંજય લીલા ભણશાળી (બાજીરાવ મસ્તાની)
  - ✓ **શ્રેષ્ઠ હિન્દી ફિલ્મ** : દમ લગા કે હઈશા
  - ✓ **શ્રેષ્ઠ લોકપ્રિય ફિલ્મ** : બજરંગી ભાઈજાન




તમામ UPDATES મેળવવા ફેસબૂક પેજ લાઈક કરો.
www.facebook.com/crackgpsc

www.crackgpsc.com



અપ-ડાઉન કરતાં કરતાં મેં
GPSC ની તૈયારી કરી લીધી
crackgpsc.com
પરથી...

# CRACK GPSC

અભ્યાસ/જોબ સાથે ઓછા સમયમાં ઘરે
બેઠાં GPSCની સંપૂર્ણ તૈયારી

જનરલ નોલેજના 10,000થી વધુ પ્રશ્નો

ફ્રી કરન્ટ અફેર્સ મન્થલી મેગેઝીન

UPSC/GPSC માં સફળ ઉમેદવારોના માર્ગદર્શન
અને નોટ્સના આધારે તૈયાર કરેલ મટીરીયલ

કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી

UPSC / GPSC / Dy. Mam / Dy. SO /
PI / PSI / SSC / Chief Officer / IBPS /
RAILWAY / LIC / CAT / HTAT / TAT /
TET / TALATI / CLERK / SPIPA Entrance

આ સાઈટની મુલાકાત વિના...
GPSC ની તૈયારી અધૂરી



Crack GPSC

Crack GPSC easily with...
crackgpsc.com